**સીધી ભરતીથી નિમણૂંક આપતા પહેલાં**
**ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસની તપાસ**
**કરવા અંગેની નીતિ બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:વીસીએ/૧૦૨૦૧૬/૪૨૯૫૪૭/ગ-૨
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૧૯/૯/૨૦૧૬

**વંચાણે લીધા:**

(૧) સા.વ.વિભાગનો તા.૩૧/૮/૮૨ના શેરો ક્રમાંક: વીસીએ/૧૦૮૨/જીઓઆઇ-૫૦/ગ-૨
(૨) સા.વ.વિભાગનો તા.૨૪/૧૧/૯૫નો ઠરાવ ક્રમાંક:વીસીએ/૧૦૮૯/યુઓ-૧૧૬/ગ-૨
(૩) ભારત સરકાર,મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ પબ્લીક ગ્રીવન્સીઝ એન્ડ પેન્શનર્સ, ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ ટ્રેનીગના તા. ૨૯/૬/૨૦૧૬ ના ઓફીસ મેમોરેન્ડમ ક્રમાંક: 18011/2(S) /2016-Esst.(B)(i)
(૪) ભારત સરકાર,મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ પબ્લીક ગ્રીવન્સીઝ એન્ડ પેન્શનર્સ, ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ ટ્રેનીગના તા. ૩૦/૬/૨૦૧૬ ના ઓફીસ મેમોરેન્ડમ ક્રમાંક: 18011/2(S) /2016-Esst.(B)

## પરિપત્ર:

સરકારી અધિકારી/કર્મચારીઓને સીધી ભરતીથી નિમણૂંક આપતાં પૂર્વે ભારત સરકાર ધ્વારા ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસ અંગેની માહિતી સંબંધે ગૃહ મંત્રાલયના ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મસ ધ્વારા તા.૨૦/૭/૮૨ ના પત્રમાં જણાવેલ નીતિ નક્કી કરવામાં આવેલ છે. ઉક્ત નીતિ અન્વયે રાજ્ય સરકાર ધ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના તા.૩૧/૮/૮૨ ના શેરા ક્રમાંકથી ઉક્ત સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

૨. ભારત સરકાર ધ્વારા ઉમેદવાર અને નિમણૂંકી સત્તાને ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસની માહિતી સંબંધે નિમણૂંક આપવામાં થતા વિલંબની બાબત ધ્યાને આવતાં ઉક્ત નીતિમાં ફેરફાર કરી સીધી ભરતીની નિમણૂંકમાં વિલંબ ટાળવા માટે ભારત સરકારના તા.૨૯/૬/૨૦૧૬ના ઓફીસ મેમોરેન્ડમ ક્રમાંક: 18011/2(S)/2016-Esst.(B)(i) થી સુધારો કરવામાં આવેલ છે. તેમજ ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના ઓફીસ મેમોરેન્ડમથી ઉક્ત સૂચનાઓ સર્વે રાજ્ય સરકારોને પરિપત્રિત કરેલ છે.(નકલ સામેલ છે) ઉક્ત સુધારા અનુસાર રાજ્ય સરકારની સેવામાં નિમણૂંક આપતાં પૂર્વે નિયત થયા મુજબના માપદંડો અને કાર્યરીતિ અનુસરવા આથી સંબંધિતોને સૂચના આપવામાં આવે છે. તેમાં ખાસ કરીને નીચે મુજબની બાબત ધ્યાનમાં રાખવાની રહેશે.

(૧) ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસને માહિતી ન મળવાને કારણે ઉમેદવારની નિમણૂંક અટકાવવી નહીં. પરંતુ કામચલાઉ નિમણૂંકના હુકમ આપતાં પહેલા સંબંધિત ઉમેદવાર પાસેથી નિયત નમુનામાં સ્વ કબુલાતનામુ મેળવવાનું રહેશે.

(૨) જો ચારિત્ર્ય ને પૂર્વ ઇતિહાસની ખરાપણાની આપેલ ખાત્રી ખોટી ઠરશે તો કામચલાઉ નિમણૂંકનો હુકમ રદ થશે.

(૩) ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસ સંબંધેનો અહેવાલ વધુમાં વધુ છ માસની સમય મર્યાદામાં મેળવવાનો રહેશે. ઉક્ત અહેવાલમાં ઉમેદવાર સામે સંબંધિત સત્તાધીશ પાસેથી નિમણૂંક આપવા સંબંધે કોઇ વાંધો નથી તેવી વિગતો મળ્યા બાદ કામચલાઉ અજમાયશી નિમણૂંકનો હુકમને નિયમિત અજમાયશી નિમણૂંક તરીકે ગણવામાં આવશે.

(૪) જો સંબંધિત જગ્યા સંવેદનશીલ હશે અથવા સલામતીના કારણોસર ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસની ખાત્રી કરવી આવશ્યક હશે તો ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસની ખરાઇ કર્યા વિના તે જગ્યા પર નિમણૂંક આપી શકાશે નહી પરંતુ ઉક્ત જગ્યા સંબંધેની સંવેદનશીલતા કે સલામતીના હેતુ માટેની ખરાઇ બાબતે સામાન્ય વહીવટ વિભાગનો અભિપ્રાય આખરી ગણાશે. અને તે જગ્યા પર કામચલાઉ નિમણૂંક આપવા અંગેની છુટછાટ સરકારશ્રીની સક્ષમ સત્તાએ નિર્ણીત થશે.

(૫) જો છ માસમાં ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસનું પ્રમાણપત્ર સંબંધિત સત્તાધિકારી પાસેથી પ્રાપ્ત ન થાય તો નીચે મુજબની કાર્યવાહી અનુસરવાની રહેશે.

(અ) સંબંધિત નિમણૂંકી સત્તાધિકારીએ ડાયરેકટર જનરલ ઓફ પોલીસને જાણ કરી ત્રણ માસમાં ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસનું પ્રમાણપત્ર મળે તે માટે વિનંતી કરવાની રહેશે.

(બ) ઉપર ૫(અ) મુજબની કાર્યવાહી બાદ પણ જો ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસનું પ્રમાણપત્ર ઉપલબ્ધ ન થાય તો રાજ્ય સરકારના ગૃહ વિભાગના ધ્યાને લાવી સદર પ્રમાણપત્ર સંબંધિત અધિકારી પાસેથી ઉપલબ્ધ કરવા માટે વિનંતી કરવાની રહેશે કે જેથી સંબંધિત ઉમેદવારની કામચલાઉ નિમણૂંકના હુકમને કન્ફર્મ કરવા અંગેનો યોગ્ય તે નિર્ણય લઇ શકાય.

(૬) જો સંબંધિત ઉમેદવાર ધ્વારા સ્વ કબુલાતનામામાં દર્શાવેલ વિગતો ખોટી સાબિત થશે અથવા ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસના પ્રમાણપત્રના આધારે સંબંધિત ઉમેદવારે રજુ કરેલ વિગતો સાચી ન હોવાની બાબત પ્રસ્થાપિત થશે તો સંબંધિત કામચલાઉ અજમાયશી નિમણૂંક રદ કરી શકાશે. તેમજ આવા ઉમેદવાર અન્ય સરકારી નોકરી માટે અયોગ્ય ગણાશે. સાથોસાથ સંબંધિત નિમણૂંકી સત્તાધિકારી આવા ઉમેદવાર સામે જરૂર જણાયે ફોજદારી/દીવાની/ કાયદાકીય પગલા લઇ શકશે.

૩. આ સુચનાઓ રાજ્ય સરકારના કર્મચારીઓ ઉપરાંત પંચાયત સેવાના કર્મચારીઓ તથા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ અને કોર્પોરેશનના કર્મચારી /અધિકારીઓના કિસ્સામાં પણ લાગુ પડશે.

૪.	સચિવાલયના સર્વે વિભાગો અને ખાતાના વડાઓ / કચેરીઓને આ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

**ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**( કે. એમ. અધ્વર્યુ )**
અધિક સચિવ(ક. ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

**% બિડાણઃ- ઉપર મુજબ**

પ્રતિ,

- ➢ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- ➢ મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
- ➢ વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી. ગાંધીનગર.
- ➢ સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- ✱ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ✱ રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ✱ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ✱ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ✱ સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
- ✱ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ✱ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ, અમદાવાદ.
- ✱ સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વીસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ✱ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ , ગાંધીનગર.
- ➢ કમિશનર ઓફ પોલીસ અધિકારીશ્રી, રાજકોટ/સુરત/બરોડા/અમદાવાદ.
- ➢ સચિવાલયના તમામ વિભાગો (તેમના હસ્તકના ખાતાના વડાઓ, કચેરીના વડાઓ તેમજ જાહેર સાહસોને ધ્યાને મુકવા વિનંતી સહ.)
- ➢ સર્વે જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી(સંબંધિતોને જાણ અને જરૂરી કાર્યવાહી માટે ધ્યાને મુકવા સારૂ.
- ➢ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર. સંબંધિતોને જાણ અને જરૂરી કાર્યવાહી માટે ધ્યાને મુકવા સારૂ.
- ➢ સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ / અધિકારીઓ

--------------------

✱ પત્ર ધ્વારા.